# વિજયનગરની અભાપુર ખાતે પોળો ઉત્સવ-૨૦૧૬નો પ્રારંભ







હિંમતનગર, તા. ૧૦
અરવલ્લીની ડુંગરમાળમાં હરિયાળી ટેકરીઓ અને આહલાદક પ્રાકૃતિક-ઐતિહાસિક વિરાસતનો આ અમુલ્ય નજારો વિશ્વ પ્રવાસન આકર્ષણ કેન્દ્ર તરીકે વિકસે તેવો ધ્યેય સાથે આરંભાયેલા પોળો ઉત્સવ-૨૦૧૬ને સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

મંત્રી રમણલાલ વોરાએ આદિજાતિ ક્ષેત્રમાં પોળોના જંગલો અને પૂરાતત્વ ઐતિહાસિક ધરોહરને વિશ્વભરના પર્યટકો માટે અભ્યાસ-રોમાંચ-સાહસ અને પ્રકૃતિ દર્શનનું સ્થાન બને તે માટે પોળો ઉત્સવમાં ટેન્ટ સિટી, સાયકલીંગ ટ્રેકિંગ અને એડવેન્ચર સ્પોર્ટસના આધુનિક આયામો ઉભા કરવાનો જિલ્લા વહિવટીતંત્ર અને પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

તેમણે પોળો ઉત્સવથી સ્થાનિક આદિજાતિ કારીગરોના કલાના કામણ દેશ વિદેશમાં પ્રખ્યાત થાય તે માટે આ ઉત્સવમાં પાયાની ભૂમિકા ભજવશે. તેમણે સ્થાનિક સખી મંડળની બહેનો માટે પોળો આર્થિક ઉન્નતિનો આધાર બની રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

પોળો ઉત્સવના પ્રારંભે ઉપસ્થિત ભવ્યતાનો લોકોને આનંદ મળી રહેશે.

તેમણે પોળોને કુદરતની નયનરમ્ય કવિતા સમાન આ પોળોને માણવા પ્રવાસીઓને અનુરોધ કર્યો ઈકો ટુરીઝમના બ્રોશરનું મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

પોળો ઉત્સવ કાર્યક્રમમાં વિવિધ

## આદિવાસી પરિવારોને પોળો ઉત્સવ ગ્રામીણ આર્થિક ઉન્નતિનો આધાર બનશે : રમણલાલ વોરા

જિલ્લા પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનો સામનો કરી રહ્યું છે ત્યારે પોળો ખાતેનો ગ્રીન ફેસ્ટીવલથી લોકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ આવશે સાથો સાથ ઈકો ટુરીઝમના નવા આયામ સાથે પ્રકૃતિની હતો. તેમણે પોળોને સમગ્ર વિશ્વમાં ઈકો ટુરીઝમની દિશામાં કામ કરવાની પહેલને આવકારદાયક ગણાવી હતી.

કાર્યક્રમ દરમિયાન ઐતિહાસિક-પુરાતત્વીય, પ્રાકૃતિક વૈભવ વિરાસતને પ્રસ્તુત કરતી ફિલ્મ સી.ડી.નું નિદર્શન તથા મેનેજમેન્ટ ફોર યોજનાઓના લાભાર્થીઓને સહાયના ચેક તથા ૨૦ વનબંધુઓને જમીનના કાયમી હક્કપત્રક આપવામાં આવ્યા હતા તો વળી સ્થાનિક ગૌણ વન પેદાશો દેશ પરદેશમાં જાય અને તેમાંથી આવકનો સ્રોત વધે તે માટે સખી મંડળની બહેનો દ્વારા અમૃત સંસ્થા કરાર કરવામાં આવ્યા છે.

પોળો ઉત્સવમાં ગ્રામીણ આદિજાતિ કલા કારીગરો દ્વારા ઉત્પાદિત પરંપરાગત કલાત્મક ચીજવસ્તુઓના સ્ટોલને મહાનુભવોના હસ્તે ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે કુદરતના અફાટ સૌંદર્ય સમા પોળો ઉત્સવને માણવા ઈકો ટુરીઝમના આયોજનનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરી સ્વાગત પ્રવચનથી સૌને આવકાર્યા હતા.


આ અવસરે સાંસદ શ્રી દિપસિંહ રાઠોડ, આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી રમીલાબેન બારા, જિલ્લા પ્રભારી સચિવ શ્રીમતી જયંતિ રવિ, ટુરીઝમ કોર્પોરેશનના એમડી કે. વિશ્વાસ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નાગરાજન, નાયબ વનસંરક્ષક શ્રી ડૉ.કે. રમેશ તથા જિલ્લા અગ્રણી શ્રી પૃથ્વીરાજભાઈ પટેલ, તખતસિંહ હડિયોલ સહિતના પદાધિકારીઓ જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામીણ આદિજાતિ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મકર**

**આજના ગ્રહોની કુંડળી**




**શુભ માલાયોગ ચાલુ છે. મકરસંક્રાંતિ પંદરમીએ છે. મંગળ - શુક્ર અને સૂર્ય - ગુરુનો પરિવર્તન યોગ છે. ઉત્તર - પૂર્વમાં ધરતીકંપના યોગ છે. તારીખ ત્રીસમીએ રાહુ સિંહ રાશિમાં પ્રવેશસે. તેથી ગુરુ - રાહુનો ચાંડાલ યોગ થશે.**

**મેષ** સાતમે આઠમે ક્રૂર ગ્રહો હોવા છતાં દસમે ચંદ્ર બુધની યુતિ અનેક વિઘ્નો બાદ પણ દરેક ક્ષેત્રમાં સફળતાના શિખરો સર કરાવે. કુટુંબમાં ચડભડ થાય.

**વૃષભ** સાતમે શનિ - આઠમે સૂર્ય તંદુરસ્તીમાં ચડઉતર લાવશે. વ્યસનોથી દૂર રહેવું. મકરસંક્રાતિ પંદરમી છે ત્યાં સુધી સાચવવું. સંતાનો સ્વતંત્રતા ઈચ્છતા થશે.

**મિથુન** આજે જન્મેલ જાતકો નવું સાહસ કરવા માટે તત્પર બને. સફળતા ચોક્કસ મળે. નીતિ અને પ્રમાણિક્તાથી ચાલે તો નવા સાહસમાં સફળતા અચૂક મળે.

**કર્ક** ચોથે મંગળ ને સાતમે ચંદ્ર - બુધની યુતિ. મિશ્રફળ આપે. ગુસ્સા પર કાબુ રાખવો. પત્નીથી ચડભડ થાય - સંતાનોના પ્રશ્નોના ઉકેલમાં વિલંબ થાય.

**સિંહ** અઢી વર્ષની શનિની પનોતી ચાલુ છે તેમજ રાશિમાં વક્રી ગુરુ છે. સંતાનોના નવા પ્રશ્નો ઉભા થાય. શત્રુઓ નવા ઊભા ન થાય તે માટે શાન્તિ રાખવી જરૂરી છે.

**કન્યા** સંતાનોના પ્રશ્નો ઉકેલાય. જો સંતાન પરદેશમાં હોય તો તેને લગતા સારા સમાચાર મળે. દાઝવા - વાગવા - પડવાથી સંભાળવું - ઈષ્ટ દેવનું સ્મરણ કરીને વાહન ચલાવવું.

**તુલા** રાશિમાં મંગળ, બારમે રાહુ, બીજે શનિ - શુક્ર - ત્રણ ક્રૂર થાય. ગ્રહોની ખરાબ અસરો થાય છે. નુકસાન થાય. થોડી રાહત ચોથે ચંદ્ર બુધની યુનિ અપાવે. મિત્રો સાથે મતભેદ થાય. બોલવામાં કાળજી રાખવી.

**વૃશ્ચિક** બારમે મંગળ - રાશિમાં શનિ - બીજે સૂર્ય - આ ત્રણ ક્રૂર થાય. ગ્રહોની અસરને કારણે ધારેલ કોઈ કાર્ય ન થાય. મિત્રો દુશ્મન બને - વાવ-વિવાદમાં ન જોડાવું. દલીલોમાં ન પડવું.

**ધન** બીજે ચંદ્ર - બુધને બારમે શુક્ર ફેશનમાં અને પત્ની દ્વારા ખોટા ખર્ચા કરાવે. વધારેલ ખર્ચા કરાવે. શુભ કાર્ય - ધાર્મિક કાર્યમાં ખર્ચ કરાવે. ટૂંક સમયમાં શુભ પસંદ આવશે.

**મકર** રાશિમાં ચંદ્ર - બુધ - આઠમે ગુરુ - બારમે સૂર્ય - મિશ્ર ફળ આપે. સંતાનો માટે ખર્ચા થાય. આર્થિક ધન લાભ થાય. પરંતુ મનની વ્યગ્રતા દૂર ન થાય. આનંદમાં રહેવું.

**કુંભ** સાતમા ગુરુની પૂર્ણ દ્રષ્ટિ હોઈ આવેલ પ્રશ્નો ઉકેલાવા માંડે. આઠમે રાહુ પડવા વાગવાથી સાચવવાનું સૂચવે છે. જન્મના ગ્રહો સારા હોય તો ખરાબ અસરો ઓછી થાય.

**મીન** અગિયારમાં સ્થાનમાં શુભ ગ્રહોની યુતિ લાભ કરાવે. સાતમે રાહુ અનિર્ણયાક્તા આપે. અગત્યના નિર્ણયો લઈ ન શકાય. સાહસ કરવા ન દે - ડરપોકપણું આવે.





સાબરકાંઠા જિલ્લાના વિજયનગર નજીક આવેલા ધોલવાણી ખાતે નવનિર્મિત આરોગ્ય ભવનનું તેમજ આંતરસુબા સબયાર્ડનું લોકાર્પણ રાજ્યના સામાજીક અને ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં વન વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી રમીલાબેન બારા, જિલ્લા સમાહર્તા શ્રી પી. સ્વરૂપ સહિત ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આગીયોલ, દલપુર ગ્રુપ ગ્રામ પંચાયતના સભ્યની ચૂંટણીનું શાંતિપૂર્ણ મતદાન

હિંમતનગર, તા. ૧૦
સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના આગીયોલ દલપુર ગ્રુપ ગ્રામ પંચાયતના સભ્યની કુલ ૨ સીટો માટે કુલ ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી જે ચૂંટણી તા. ૧૦ જાન્યુારીના રોજ દલપુર અને આગીયોલ પ્રા. શાળામાં શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ આ પંચાયતના ચાલુ સભ્યોના ફરજના ફક્ત ૮ માસ બાકી હતા ત્યારે આ બંને સભ્યોનું આકસ્મિક નિધન થતાં સભ્યની ચૂંટણી માટે વહિવટીતંત્રને ફરી આ ચૂંટણી યોજવાનો વારો આવ્યો હતો. આ ગ્રુપ ગ્રામ પંચાયતમાં કુલ બે ગામોનો સમાવેશ થયેલો છે જેમાં કુલ બે વોર્ડ આવેલા છે અને આ વોર્ડમાં કુલ બે સભ્યની સીટો માટે ૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી જેમાં વોર્ડ નં. ૯માંથી કનુભાઈ બબાભાઈ પટેલ અને નૈનેશભાઈ રમણભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે વોર્ડ નં. ૮માંથી પિનાકીન રતીભાઈ પટેલ અને બીજા નંબરના ઉમેદવાર ધર્મેશભાઈ અમીચંદભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી અને કાયદેસરની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં આ પંચાયતના સભ્યની ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી પૂર્ણ થાય તે માટે વહિવટીતંત્ર દ્વારા જડબેસલાક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં ચૂંટણીના પ્રેસાઈડિંગ ઓફિસર તરીકે બી.એસ. તબિયાડ હતા અને ચૂંટણી પ્રમુખ અધિકારી તરીકે મામલતદાર કચેરી હિંમતનગર ઈ-ધરાના મામલતદાર સંકેત એ. શાહની નિમણુંક કરવામાં આવી હતી અને તેમના દ્વારા આ ચૂંટણીનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતુ અને આ ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં સીલ થયું હતું. આ પંચાયતના સભ્યની ચૂંટણી માટે યુવાનો, વૃદ્ધો અને ગ્રામજનોએ ખુબજ ઉત્સાહભેર મતદાન કર્યું હતું અને આ રીતે આ સભ્યની ચૂંટણીનું શાંતિપૂર્ણ મતદાન થયું હતું.

## તલોદ રેલવે સ્ટેશનથી મહિયલ તરફ જતા માર્ગ બનાવવા માંગ

તલોદ, તા.૧૦
એ.પી. રેલવેના તલોદ રેલવે સ્ટેશનથી મહિયલ તરફ જતા રેલવેના ટ્રેકની આસપાસ સમાંતર રોડ બનાવવામાં આવે તેવી પંથકની પ્રજાની તથા વિશાળ વિદ્યાર્થી આલમની લાગણી અને માગણી ઉદભવી છે. જે ટ્રેકનો ઉપયોગ ખરેખર મહત્તમ રાહદારીઓ માટે અનુકૂળ રહે તેમ છે. હાલ ટ્રેકની આસપાસનો ચાલતા આવવા જવાનો રોડ ભારે ગંદકીથી ખદબદી રહ્યો છે અને મેટલ વગેરે તેના ઉપર ઠલવાયેલા હોઈ તે માર્ગ ચાલવા લાયક જ ન રહેતા લોકો ભારે હાલાકીનો ભોગ બન્યા છે.

તલોદ રેલવે સ્ટેશન સાથે તલોદ બજાર, તલોદ ગામ અને મહિયલ સહિતના ડઝનબંધ ગામોનો વહિવટ જોડાયેલો છે. તલોદ-મહિયલની ભૌગોલિક સ્થિતિ જોતાં રેલવે સ્ટેશનથી મહિયલ અને પંથકની શાળા કોલેજોમાં તથા મહિયલ સહિતના ગામોના પ્રજાજનોને તલોદમાં આવવા જવા માટે રેલવે ટ્રેક આસપાસનો દાયકાઓથી ઉપયોગ થતો માર્ગ વધુ અનુકુળ રહે છે તે સિવાય કોલેજ રોડ ઉપર થઈને ચાલતા કે રીક્ષા જેવા વાહનોમાં પણ કોલેજ અને મહિયલ પંથક વધુ અંતરે હોઈ પ્રજાના નાહકના સમય, શકિત અને નાણાંનો વ્યય થાય છે. રેલવેના પાટે પાટે આવનજાવન કરવા દાયકાઓથી પ્રજાજનો, રાહદારીઓ, વેપારી આલમ નોકરીયાતો તથા વિશાળ વિદ્યાર્થી આલમ ટેવાઈ ગયેલ છે જે ખરેખર તેઓ માટે સુલભ પણ છે. પરંતુ ઘણા સમયથી આ પાટે પાટે જતા માર્ગ ઉપરથી જાણે કે તેના ઉપભોકતાઓની ગાડી પાટા ઉપરથી ઉતરી ગઈ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે.

ઘર આંગણે શૌચાલય અને તે સાથે જનજાગૃતિના અભાવને કારણે આ રાહદારીઓ માટે આશિષરૂપ પુરવાર થયેલા ટ્રેકના માર્ગની આસપાસના માર્ગ ઉપર જ રાત દિવસ લોકો કુદરતી હાજતે જતા હઈ ઠેર ઠેર ગંદકીનું સામ્રાજય વ્યાપક બન્યું છે. પરિણામે કયારેક ન છૂટકે તેમાંથી બચવા લોકો રેલ પટરીઓ ઉપર ચાલવાનું મુનાસિબ માનીને જાનમાલનું જોખમ વહોરતા હોય છે. પ્રજાના જાહેર હિત ખાતર અહીં પટરીઓની આસપાસ સુવિધાજનક અને બિનજોખમી માર્ગ રેલ માર્ગના સમાંતર બનાવવામાં આવે તો આમ પ્રજાની હાલાકી દૂર થાય અને વિકાસની ગતિને પણ વેગ મળે તેવી માર્ગનો ઉપયોગ કરતા હજારો લોકોની પ્રબળ માન્યતા છે.

## ડાઉનગ્રેડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારને આ મહત્વનો નિર્ણય લેવાની ફરજ પડી છે.

રાજ્ય સરકારને પંચાયતોની ચૂંટણીમાં મળેલી પછડાટને પગલે સરકારે ગ્રામ વિકાસ પ્રભારીની ઘટક કક્ષાની તાલુકા વિકાસ અધિકારી (ગ્રામ વિકાસ)ની રદ થયેલ ૨૨૫ જગ્યાઓ જે રદ થઈ હતી તે પુનઃજીવિત કરવાનો પણ નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે રાજ્યના ૨૨૫ તાલુકાઓ પૈકી ૨૦૫ તાલુકાઓમાં આ જગ્યાઓ ડાઉનગ્રેડ કરી અને વર્ગ-૩માં મુકવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે જે ૨૦ ક્રિટીકલ તાલુકાઓ જાહેર કર્યા છે તેમાં દેવગઢ બારીઆ, ભીલોડા, પોશીના, સંતરામપુર, કડાણા, સોનગઢ, નિઝર, ડેડીયાપાડા, લીમખેડા, ગરબાડા, ઝગડીયા, કુમિયાણા, આહવા, ઝાલોદ, અમીરગઢ, વડગામ, ડીસા, ફતેપુરા, દાંતીવાડા અને દાહોદનો સમાવેશ થાય છે.

સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ફેબ્રુઆરીના અંત પહેલાં આ જગ્યાઓ ભરી દેવામાં આવશે. આ માટેની જરૂરી સૂચનાઓ પણ વિભાગ દ્વારા જારી કરી દેવામાં આવી છે.

મદદનીશ તાલુકા વિકાસ અધિકારીઓ વર્ગ-૩ની જગ્યાઓ બઢતીને આધારે ભરી દેવામાં આવશે અને આ માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર કરી દેવાયો હોવાના પણ સંકેતો સરકારના આ સૂત્રો આપી રહ્યા છે.

## કુટુંબને ચાહતા શીખો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરવાળો લેખાવી દિવસના ૨૪ કલાકને ચાર ભાગમાં રાખી ચાર મુદ્દાની થિયરી વર્ણવી જીવનન જીવવાનો નવતર અભિગમ બયાન કર્યો હતો. તેમણે જણાંવ્યુ હતુ કે આપણુ કામ એજ જીવન નથી.કામ સિવાયનુ ઘણુ બધુ જીવન જીવતા હોવાનો અહેસાસ કરાવે છે. માણસે કામને જ જીન્દગી બનાવી દીધી છે. અને માટે જ તમામ કામને સમય ગણી દિધો છે.વ્યકિતની સર્જનાત્મકતા તો જાણે ડ્રીમ લેન્ડમાં ધકેલાઇ ગઇ છે.આજે સર્જનાત્મકતાને પોષવાનુ વિસરાયુ છે. ત્યારે જીવનમાં મીઠાશ આવે છે કે નહી પરંતુ લોહીમાં ડાયાબીટીશ આવતો થઇ ગયો છે.જીન્દગીની ભાગદોડમાં જીવવાનુ રહી ગયુ છે. અને થાકેલા હદ્રયએ સુઇ જવાનો વારો આવે છે. ભ્રામક શબ્દોની પાછળ દોડીને આપણે આપણાં આત્માનો અવાજ જ સાંભળતા નથી. કોઈને પણ ક્યાં જવુ છે તેની ખબર નથી. આજના સમયમાં માણસે ખુદના માટે સમય કાઢવાની મોટી જરૂરિયાત ઉભી થઇ છે. જીન્દગીના ઘટતા દિવસો તરફ નજર નાંખીએ તો જીવનનુ મહત્વ સમજાય જાય છે. તેમણે એક અંગ્રેજી કહેવત ટાંકતા જણાંવ્યુ હતુ કે મેક મની બટ ડુ નોટ લેટ મની મેક યુ...તૃષ્ણાઓનો કોઇ અંત નથી વેદ વ્યાસ પણ મહાભારતની રચના કર્યા બાદ હતાશ થઇ ગયા હતા. ધ્યેય રાખો પણ વચ્ચે જીન્દગીને પણ રાખો માણસે પોતાની જાતને પણ મળવુ જાઇએ વ્યકિત માટે સૌથી અઘરી પોતાની જાત છે.માટે એકાંતમાં પણ રહેતા શિખવુ જોઇએ. તેમણે જણાંવ્યુ હતુ કે આજે ઘરની દશા હોસ્ટેલ જેવી બની છે. બધા ઘરમાં રહે છે. પરંતુ ઘરનો ઉપયોગ પોતાની રીતે કરે છે. ઘરના બધા સભ્યોએ સાથે બેસીને જમવાની અને બાળકો સાથે સમય વિતાવીને તેમનામાં સંસ્કારનુ સિંચન કરવાનુ પણ અનિવાર્ય છે. ટેલીવિઝન બૉક્ષને તિલાંજલી આપી પારિવારિક ભાવના વધુ મજબુત બનાવવાની અનિવાર્યતા છે. ઘરમાં જયારે શાંતિ ડહોળાય તે જ સમાજમાં ડખાનુ સર્જન કરે છે. વિશ્વશાંતિ માટે પ્રત્યેક વ્યક્તિએ કુંટુંબને ચાહવાનુ અત્યંત અનિવાર્ય છે. આજે વ્યકિતના ચહેરા પર મોહરા જોવા મળે છે.ત્યારે પ્રેમ અને લાગણી પણ આર્ટીફિશિયલ લાગે છે. વ્યકિતએ સમાજ માટે અપેક્ષા વગર સમય આપવો જોઇએ બીજા માટે કરેલુ કામ આપણની અંદરનો ખાલીપો દુર કરે છે. પોતાના માટે પ્રાણી પણ જીવે છે. જયારે થોડા સમય ભગવાન માટે પણ આપો ગાંધીજી જેવા પ્રબળ વિચારક પણ પ્રાર્થના કરતા હતા. ઈશ્વર બાળક જેવો છે. તેની સાથે ફ્રેન્ડશીપ કરો દેરક પ્રશ્નનો જવાબ મળે છે. અને દરેક પ્રાર્થના સંભળાય છે. પરંતુ પ્રાર્થના ભાવથી થાય તે જરૂરી છે. પરંતુ આપણે જાણે બીક અને લાલચથી ભગવાનને પ્રેમ કરીએ છીએ. તેમણે જીવન જીવવાનો અભિગમ વર્ણવતા વ્યકિતએ પોતાના માટે, કુંટુંબ તેમજ સમાજ અને ભગવાન માટે રોજ સમય ફાળવવો જાઇએ તેની યોગ્ય પધ્ધતિને શબ્દોમાં વર્ણવી હતી.દ્રષ્ટાંતો સાથે તેમણે રસપ્રદ શૈલીમાં શ્રોતાઓને જીવનન જીવવાની સાચી રાહ ચિંધીને હસતા રડતા કરી દીધા હતા.ભાવ વિભોર બની છલકતા વિજળીવાળાનુ વકત્વય સાંભળી ટાઉનહોલમાં ખીચોખીચ બેઠેલા શ્રોતાઓની આંખો પણ ભીની થઇ ગઇ હતી. બાળરોગ નિષ્ણાંત વિજળીવાળાનુ વક્તવ્ય મનને ચોખ્ખુ કરીને હદ્રયને નિર્મળ બનાવી તેવુ સંવેદનશીલ અને સચોટ હોવાનો પ્રતિભાવ પણ શ્રોતાઓએ વ્યકત કર્યો હતો.

## અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

ઑક્ટોબર ૧૯૮૪ના રોજ હત્યા થતાં એમના પુત્ર રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા હતા. ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ તત્કાલીન વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીની ચાર વર્ષ ચાલનારી ઉજવણીની જાહેરાત કરી હતી. ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભાની ચૂંટણીને લક્ષ્યમાં રાખી મહિનાભરની ‘સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા’નું આયોજન કર્યું હતું. સ્વયં સ્વામી વિવેકાનંદે પોતાનાં લખાણો કે વ્યાખ્યાનોનો રાજકીય ઉપયોગ નહીં કરવાની આપેલી શીખ વર્તમાન યુગના રાજનેતાઓ થકી એળે ગઈ એવું લાગે છે.

સ્વામી વિવેકાનંદ દ્વારા સંસ્થાપિત શ્રીરામકૃષ્ણ મિશન થકી શ્રીરામકૃષ્ણને અવતાર ગણાવીને પોતાના અનુયાયીઓ હિંદુ ધર્મથી નોખા ધર્મ ‘શ્રીરામકૃષ્ણઈઝમ-શ્રીરામકૃષ્ણવાદ’ નામક ધર્મના હોવાની વાતને આગળ કરીને છેક સુપ્રીમ કોર્ટ સુધી લડત આપવામાં આવી હતી. જોકે સુપ્રીમ કોર્ટે એમની રજૂઆતને ફગાવી દીધી અને તેમને હિન્દુ જ ગણાવ્યા. એ પછી પણ શ્રીરામકૃષ્ણ મિશનના વડા તરફથી ‘પોતાના તરફથી સુપ્રીમ કોર્ટમાં રજૂ થયેલા સોંગદનામાને વળગી રહ્યાનો’ સંદેશ વર્તમાન લેખકને કેટલાંક વર્ષો પહેલાં પાઠવવામાં આવ્યો હતો. બિહાર, બંગાળ અને કેરળમાં શ્રીરામકૃષ્ણવાદીઓને ભારતીય બંધારણ મુજબ ધાર્મિક લઘુમતીના વિશેષાધિકાર થકી તેમની શિક્ષણ સંસ્થાઓને સંરક્ષણ મળે એ દિશામાં કેટલીક સફળતા પણ મળી હતી. જોકે શ્રીરામકૃષ્ણ મિશનની સત્તાવાર ભૂમિકા આજે પણ ‘જેટલા મત તેટલા પંથ’ની શ્રીરામકૃષ્ણની ભૂમિકામાં વિશ્વાસ ધરાવે છે અને વિશ્વધર્મનું સહઅસ્તિત્વ કબૂલે છે. આવા સંજોગોમાં સ્વામી વિવેકાનંદના ઉપદેશને સાચા અર્થમાં સમજવા અને સમજાવવા માટે તેમના મૂળ વિચારો સમસામયિક છે.

## કાનૂન અને કાયદો (૪ પાનાનું ચાલુ...)

સંડોવણી દર્શાવી આરોપી તરીકે જ દર્શાવામાં આવતા તેમ ના પર કાયદાકીય ગાળીયો મજબુત થતો હતો.

જો અધિકારીઓ ખરેખર મેળાપીપણામાં આવી મિલ્કત તબદીલ કરી હશે તો પણ નવી પધ્ધતિનો લાભ લઈ એક છટકબારી રહેશે.

મૂળ માલીકની ફરીયાદબાદ ભ્રષ્ટ અધિકારીને બચાવવા માટે એક માસનો સમય મળી રહેશે તેથી સહન કરવાનો વારો છેતરપીંડીનો ભોગ બનનાર મૂળ માલીકનો રહેશે. કાયદાકીય છટકબારી દ્વારા ખોટું કરનાર આરોપીને પૂરતો સમય મળી રહેતા કાયદાનો ગેરલાભ ઉઠાવશે, યેનકેન પ્રકારે અધિકારીઓનો હાથ ઉપર રહેશે.

LED, LCD
& Colour TV
રીપેરીંગ
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧